ધનતેરસે તસ્કરોએ મુહૂર્ત કર્યું, એક જ સોસાયટીમાં ચાર તાળાં તોડ્યાં

પોલીસની કોમ્બીંગ નાઈટ હોવા છતાં તસ્કરોએ મુહૂર્તને સાચવી લીધું : રાંધેજાની સિધ્ધેશ્વર હોમ્સ સોસાયટીને તસ્કરોએ નિશાન બનાવ્યું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પોલીસે ધનતેરસે તસ્કરોને મુહૂર્ત ન કરવા દેવા કોમ્બીંગ નાઈટનું આયોજન કર્યું હતું તેમ છતાં રાત્રી દરમ્યાન તસ્કરોએ તેમનું મુહૂર્ત એક-બે નહીં પરંતુ એક સાથે એક જ સોસાયટીમાં ચાર-ચાર મકાનોના તાળા તોડીને સાચવી લીધુ છે. જો કે ચારેય મકાનના માલિકો બહારગામ ગયેલા હોવાથી ચોરીમાં ગયેલી માલ મત્તાનો આંકડો બહા આવી શક્યો નથી કે આ સંબંધે પોલીસ ફરીયાદ પણ નોંધાવા પામી નથી.

ધનતેરસ તસ્કરો માટે મુહૂર્ત દિન ગણાતો હોય છે. કોઈપણ ભોગે તેઓ આ સમયને સાચવી લઈને મુહૂર્ત કરી લેતા હોય છે. આ વખતે તસ્કરો તેમ ન કરી શકે તે માટે પોલીસે કોમ્બીંગ નાઈટ ગોઠવી હતી. પરંતુ તેમ છતા તસ્કરોએ ઘરફોડ ચોરીઓ કરી લીધી હતી. ગાંધીનગર નજીકના રાંધેજા ગામમાં સ્થિત જીઆઈપીએસ સ્કૂલ સામે આવેલી સિધ્ધેશ્વર હોમ્સ સોસાયટીમાં ગતરાત્રી દરમ્યાન તસ્કરોએ ચાર-ચાર મકાનોના તાળા તોડી તરખાટ મચાવ્યો હતો. એક હોસ્ટેલ સહીત ચાર બંધ મકાનોના તાળા તોડી તસ્કરો ઘરફોડ કરીને ફરાર થઈ ગયા હતા. જો કે તમામ મકાનના માલીકો બહારગામ હોવાથી કેટલી મત્તાની ચોરી થઈ તે બહાર આવ્યું નથી. આ સંબંધે કોઈ પોલીસ ફરીયાદ પણ હજુ સુધી નોંધાવા પામી નથી.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પસંદગી પામેલ સાયન્સ ડ્રામાને રાજ્યકક્ષાની સ્પર્ધામાં બે એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૧૨

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલયનો ડ્રામા 'દેખા એક ખ્વાબ'ને પ્રથમ ઈનામ મળ્યું હતું. આજ ટીમે રાજ્યકક્ષાની સાયન્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી બેસ્ટ સ્ક્રીપ્ટનો એવોર્ડ તથા દાદીમાના પાત્રને બેસ્ટ એકસ્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો.

રાજ્યકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં રાજ્યની ૨૩ ટીમોએ ભાગ લીધો હતો. 'દેખા એક ખ્વાબ' નાટકની કુંતલ નિમાવત લિખિત સ્ક્રીપ્ટને બેસ્ટ સ્ક્રીપ્ટનો એવોર્ડ મળ્યો હતો. તથા આ જ નાટકમાં દાદીમાનું પાત્ર ભજવનાર ક્રિષ્નાબા વાઘેલાને સમગ્ર સ્પર્ધામાં બેસ્ટ એકટ્રેસનો એવોર્ડ મળ્યો હતો આ સ્પર્ધામાં ઉપસ્થિત રહેનાર સાયન્સ એન્ડ ટેકનોલોજીનાં અગ્ર સચીવ રવિ સકસેનાના હસ્તે વિજેતાઓને ટ્રોફી તેમજ ઈનામ આપવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનીલભાઈ પટેલ તેમજ કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણાએ શાળાને તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજે ભારત સેવાશ્રમ સંઘ ખાતે કાલીપૂજા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ભારત સેવાશ્રમ સંઘ, દ્વારા છેલ્લા ૬૦ વર્ષથી કાલીપૂજાનું આયોજન કરવામાં આવે છે. જેના અંતર્ગત આજે તા. ૧૩મી નવેમ્બરને મંગળવારે રાત્રે ૧૦ કલાકે કાલીમાતાની પૂજા, ભારત સેવાશ્રમ સંઘ, વેચાણવેરા ભવન પાસે, આશ્રમ રોડ ખાતે યોજાશે જેમાં હજારો ભક્તો હાજરી આપશે. પૂજા બાદ ૧૪મી નવેમ્બરે બુધવારે સવારે ૧૦.૩૦ કલાકે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

બાઈકના પસંદગીના નંબર માટે ૨૩ નવેમ્બરના રોજ હરાજી

જી.જે-૧૮-સી.સી.ની નવી સીરીઝ શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૨

આર.ટી.ઓ. કચેરી દ્વારા ટ્રી-ચક્રી વાહનો માટે આગામી તા. ૨૩ નવેમ્બરથી જીજે-૧૮-સી.સી.ની નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. આ દિવસે આર.ટી.ઓ. કચેરી ખાતે જાહેર હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આર.ટી.ઓ. કચેરી દ્વારા થોડા સમય અગાઉ જ ફોર વ્હીલરની નવી સીરીઝે શરૂ થતા પસંદગીના નંબરો માટે યોજાયેલી હરાજીની મહિનાના અંતે લાખોની આવક પ્રાપ્ત થઈ હતી. મોટર સાયકલના નંબરો માટે હાલ જી.જે.-૧૮-સી.બી.ની સીરીઝ ચાલુ છે. જ્યારે ૨૩ નવેમ્બરથી જીજે-૧૮-સી.સી.ની નવી સીરીઝ શરૂ કરવામાં આવનાર છે. નવી સીરીઝ અન્વયે પસંદગીનો નંબર મેળવવા માટે વાહનમાલિકોને તા. ૨૧ અને ૨૨ નવેમ્બર સુધી અરજી કરી લેવા જણાવાયું છે. વાહન નોંધણી કર્યા બાદ ત્રીસ દિવસમાં જ પસંદગીના નંબર માટે અરજી કરી શકાશે. પસંદગીના નંબર અને અરજકર્તાઓએ નેશનલાઈઝ રાષ્ટ્રીયકૃત બેંકમાંથી ૨ હજારનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને અરજી સાથે બંધ કવરમાં સુપ્રત કરવાનો રહેશે. એક જ ડીમાન્ડ ડ્રાફ્ટ અને સૌથી વધારે ફી ભરપાઈ કરી હોય તેની અરજી જ માન્ય ગણાશે. આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ અરજદારોની હાજરીમાં બપોરે ૧૨ કલાકે જાહેર વાહનની પ્રક્રિયા યોજવામાં આવશે.

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા બાળકોને મીઠાઈ વિતરણ

લાયોનેશ ક્લબ ઓફ ગાંધીનગરના સેક્રેટરી વૈશાલીબેન જોશી અને સભ્ય બહેનોએ તાજેતરમાં તાલ બાલાશ્રમ, સેક્ટર-૭ની મુલાકાત લીધી હતી અને દરેક બાળકને દિવાળીના તહેવાર નિમિત્તે મીઠાઈનું અને જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરી સેવાકીય પ્રવૃત્તિનું એક છોગુ ઉમેર્યું હતું.

તલોદમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

તાજપુરકેમ્પ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ટાવર ચોક જેવા ભરચક વિસ્તારમાંથી દિન દહાડે મહિલાના ગળામાંથી આશરે અઢી તોલાના સોનાના દોરાની તફડંચી થતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ તલોદ તાલુકાના ટાવર પાસે આવેલ મિલન હોટલમાં તાલુકાના પડુસણ ગામમાં ભીખીબેન જગાભાઈ પટેલ અને અન્ય ત્રણ-ચાર મહિલાઓ નાસ્તા પાણી કરીને હોટલની સામેની સાઈડમાં રોડ ક્રોસ કરી ઉભા રહ્યા હતા. જે દરમિયાન બે બુકાનીધારી રોંગ સાઈડમાં ટુ-વ્હીલર બાઈક ઉપર આવી મહિલાની નજીક બાઈક થોભાવી મહિલાના ગળામાં પહેરેલ આશરે અઢી તોલાના સોનાના દોરાની ચિલઝડપ કરી બાઈકને પુર ઝડપે દોડાવી આંખના પલકારામાં ફરાર થઈ જતા સોનાના દોરાની પડેલી ચિલઝડપને લઈને મહિલાએ ભારે બુમાબુમ કરી મુકતા કેટલાક સાહસિક લોકોએ સોનાનો દોરો તોડીને ભાગેલા બે બુકાનીધારીઓ શખ્સોને પકડવા પાછળ પીછો કર્યો હોવા છતા બન્ને બુકાનીધારીઓ સોનાનો દોરો તોડીને ફરાર થઈ જવામાં સફળ રહેતા મહિલાના હોંશ-બેહોશ થઈ ગયા હતા.

દીપાવલી અને નૂતન વર્ષના પૂનિત પર્વે ગુજરાતના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતાં રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ દીપાવલી અને નૂતન વર્ષના પાવન અવસરે રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

'પ્રકાશપર્વ-દિપાવલી' આપણા સૌના જીવનને પ્રકાશમાન તથા ઉન્નત બનાવે, એવી ડૉ. શ્રીમતી કમલાજીએ હાર્દિક કામના વ્યક્ત કરી છે.

નૂતન વર્ષનો મંગલ પ્રારંભ આપણા સામાજિક જીવનમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ, પરસ્પર ભાઈ-ચારાનો શુભ સંદેશ લઈને આવે અને આપણને ઉન્નતિના પથ પર ચાલવાની પ્રેરણા પ્રદાન કરે, એવી તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી છે.

શુભેચ્છા પાઠવતા આજથી કરોડો એસએમએસ કરાશે

અમદાવાદ, તા. ૧૨

દિવાળી અને નવા વરષની શુભેચ્છા પાઠવવા માટે આવતીકાલથી નાગરીકો દ્વારા મોટા પ્રમાણમાં એસએમએસ કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં કરોડો એસએમએસ મોકલવામાં આવનાર હોવાથી મોબાઈલ કંપનીઓને બખ્ખા થઈ જશે. મોબાઈલ, ફોન, ઈન્ટરનેટનો ઉપયોગ વધી જતા હવે પરંપરાગતરીતે ગ્રીટીંગ કાર્ડ મોકલીને શુભેચ્છા આપવાની પરંપરા લગભગ ખતમ થઈ ગઈ છે. છતાં પણ કેટલાક લોકો પરંપરાગતરીતે ગ્રીટીંગ કાર્ડ મોકલીને પણ શુભેચ્છા આપે છે જેથી દિવાળી ગ્રીટીંગ કાર્ડની માંગમાં ૫૦ થી ૬૦ ટકાનો ઘટાડો થયો હોવાનું જાણવા મળે છે. ટેકનોલોજીના વિકાસની સાથે શુભેચ્છા પાઠવવાની પદ્ધતિમાં ફેરફાર આવ્યો છે. પહેલાં દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા ગ્રીટીંગ કાર્ડ મોકલીને કરવામાં આવતી હતી. તેના બદલે હવે એસએમએસ, ઈ-મેલ, એમએમએસથી કરવામાં આવે છે. ઈન્ટરનેટ પર ફ્રી એસએમએસ વેબસાઈટ હોવા છતાં લોકો મિત્રો, સગા-સંબધીઓને કરોડો એસએમએસ કરીને શુભેચ્છા પાઠવશે. ખાસ કરીને દિવાળી અને નવા વર્ષના દિવસે ખૂબ મોટી સંખ્યામાં એસએમએસથી શુભેચ્છા પાઠવવામાં આવશે. દિવાળી અને નવા વર્ષનો દિવસ બ્લેક આઉટ ડે હોવાથી મોબાઈલ કંપનીઓ પૂરેપૂરો ચાર્જ વસુલ કરશે. આથી મોબાઈલ કંપનીઓને કરોડો રૂપિયાની વધારાની આવક મળશે. બીજી બાજુ દિવાળી ગ્રિટીંગ કાર્ડથી શુભેચ્છા પાઠવવાનું ચલણ ઘટી જતાં કાર્ડની માંગમાં ૫૦ થી ૬૦ ટકાનો ઘટાડો થયો છે. અને હવે કાર્ડ શોપમાં કાર્ડને બદલે ગીફ્ટ આર્ટીકલ વધારે જોવા મળે છે.

મુખ્યમંત્રી નૂતન વર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૪ નવેમ્બર-૨૦૧૨ને બુધવાર નૂતન વર્ષ નિમિત્તે કોમ્યુનિટી સેન્ટર, મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે સવારે ૮.૦૦ થી ૮.૪૫ સુધી નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.

ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ-શાહીબાગ ખાતે ઉપસ્થિત રહી નાગરિકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.

ચૈતન્ય સ્કૂલ ગાંધીનગર ખાતે ડિસ્કવર ગુજરાત પ્રદર્શનની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

ચૈતન્ય સ્કૂલના લેકાવાડા કેમ્પસ ખાતે તારીખ ૩ નવેમ્બર, ૨૦૧૨ના રોજ એક અદ્‌ભૂત પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનનો મુખ્ય વિષય 'ડિસ્કવર ગુજરાત' હતો. જેમાં શાળાના વિદ્યાર્થી તેમજ શિક્ષકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈને ગુજરાતની અદ્‌ભુત સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રદર્શનમાં ગુજરાતના લોકો, તેનો ઈતિહાસ, લોકોનું સાંસ્કૃતિક જીવન તેમજ રાજ્યના પર્યાવરણને લગતા અનેક મોડલો (નમૂના) દર્શાવ્યા હતા. એક નવતર પ્રયોગ તરીકે આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પક્ષીઓના જુદા જુદા અવાજોનું પણ અનુકરણ કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના જાણીતા સાહિત્યકાર તેમજ સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. શ્રી વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચૈતન્ય સ્કૂલના ટ્રસ્ટીઓ તેમજ સલાહકારો પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. એડિશનલ ડિજીપી કે. નિત્યાંનંદમ્ તેમજ તેમના પત્ની ડૉ. ઈન્દિરા નિત્યાનદમ્, ટ્રસ્ટના ખજાનચી રવિ ગોપાલન, કમિશનર હાયર એજ્યુકેશન શ્રીમતી જયન્તી રવી, ડૉ. રામસુબ્બારાઓ, સી.કે. કોશી તેમજ ગાંધીનગરના અગ્ર ગણ્ય નાગરીકો હાજર રહ્યા હતા.

મેરીટના ધોરણ પર જ ટિકિટ આપવા કોંગ્રેસનું કડક વલણ

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની આખરી યાદીને ઓપ આપવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં કોંગ્રેસની સ્ક્રીનીંગ કમિટીની બેઠકમાં મંથન બાદ ઉમેદવારોની યાદી તૈયાર કરી દીધા બાદ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ ગઈકાલે દિલ્હી પહોંચ્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડે મેરીટના ધોરણે જ ઉમેદવારોની પસંદગીનું વલણ અપનાવ્યું હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. સૂત્રોના કહેવા મુજબ કોંગ્રેસના અનેક ટિકિટવાંચ્છુઓ દિલ્હીમાં જઈને રજુઆત કરી આવ્યા છે. ચૂંટણીઓમાં બે વાર હારેલા તેમજ ૧૫૦૦૦થી વધુ મતોથી હારેલા ઉમેદવારોને રિપીટ નહીં કરવા સ્ક્રીનીંગ કમિટીએ કડક વલણ અપનાવ્યું છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા તમામ ૧૮૨ બેઠકો પર ત્રણ વાર ખાનગી સર્વે પણ કરાવવામાં આવ્યો હતો. તેમજ નિરીક્ષકોએ બનાવેલી પેનલો અને સર્વેમાં આવેલા નામોની સ્ક્રુટીની કરવામાં આવી હતી. અને એના આધારે ૧૨૦ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી છે. એનસીપીને ૧૦ બેઠકો આપવા કોંગ્રેસે મન મનાવી લીધું છે. પણ કોંગ્રેસને ૬૨ કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીનો છે. કારણ કે સૌરાષ્ટ્રના ચાર જિલ્લાઓ તથા દક્ષિણ ગુજરાતના સુરત વિસ્તારમાં કેશુભાઈ પટેલનું વર્ચસ્વ સારૂ છે એટલે ગુજરાત પરિવર્તન પાર્ટી કોને ટિકીટ આપશે એનું મંથમ કોંગ્રેસમાં ચાલી રહ્યું છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

દિવાળીના તહેવારોમાં શો-રૂમ ચાલુ રહેશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

નમુનો-ડી

જાહેરનામુ

મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર

જમીન સંપ્રાપ્તિ અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

જિલ્લો : મહેસાણા — તારીખ : //૨૦૧૨

નંબર : અમ/૨૦૧૨/૧૨૪/મ/જમહ/૧૫૧૨/૨૨૬/ઘ

ભારતના બંધારણની કલમ ૨૫૮ના ખંડ (૧) અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારશ્રીના ખેતી (ગ્રામ્ય વિકાસ વિભાગે) મંત્રાલયના તારીખ : ૨૦/૮/૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨ ૧૭/૮૪ એસ.આર.ડી./એસ.ઓ./૭૮૭ (ઈ) દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠળની કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી

અને સરકારશ્રી મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૨-મ-જમહ-૧૫૧૨-૨૨૬-ઘ તારીખ : ૩૨/૦૩/૨૦૧૨ જે કાયદા અનુસાર તારીખ : ૨૨-૦૩-૨૦૧૨ના રોજ પ્રસિધ્ધ કરાવાયેલ તેથી જાહેર કરવામાં આવ્યું હતું કે સાથેની અનુસુચિની આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુ માટે આ સાથેની અનુસુચિમાં દર્શાવેલી જમીનો (હવે પછી અહીં ઉકત જમીનો તરીકે ઉલ્લેખાયેલ)ની જરૂર પડે તેવો સંભવ હતો જેથી,

અને સને ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ ૫ એ.ની પેટા કલમ (૨) મુજબ ખાસ જમીન સંપાદન અધિકારી તેલ અને કુદરતી વાયુ કોર્પો. લી. મહેસાણાના અહેવાલ પર વિચારણા કર્યા બાદ ગુજરાત સરકારને ખાત્રી થઈ છે કે, સાથેની અનુસુચિના આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુસર ઉકત જમીનો સરકારી ખર્ચે સંપ્રાપ્ત કરવાની જરૂરી છે એથી,

ઉકત અધિનિયમની કલમ-૬ની જોગવાઈ આ મુજબ આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથેના અનુસુચિના આસન-૩માં દર્શાવેલા જાહેર હેતુ માટે જમીનોની જરૂરત છે એવી ઉકત અધિનિયમની કલમ-૩ના ખંડ (સી) અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારી તેલ અને કુદરતી વાયુ કોર્પો લી. મહેસાણાને ઉકત જમીનો સંબંધમાં હવે પછી કરવાની બધી કાર્યવાહી માટે કલેકટરના કાર્યો બજાવવા નીમવામાં આવે છે. ઉકત જમીનોની સંપ્રાપ્તી માટે ઉકત અધિનિયમની કલમ-૭ અન્વયે હુકમ મેળવવાની પણ તેમને સુચના આપવામાં આવે છે. ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પો. લી. યુનિટ-૨, મહેસાણાની કચેરીએ ઉકત જમીનોનો નકશો તપાસી શકશે.

અનુસુચિ

જીલ્લો : મહેસાણા — તાલુકો : બેચરાજી — ગામ : રાતેજ

જાહેર હેતુ : બેચરાજી ઈ.ટી.પી. માટે વધારાની જમીનનું સંપાદન

કા.ક.કેસ નંબર : ૧૫/૨૦૧૦

બ્લોક નંબર	જરુરી જમીનનો આશરે વિસ્તાર હે.આરે.ચો.મી.
૭૮૪/૧ પૈકી/૨ પૈકી/૨	૦૦-૪૪-૬૩
૭૮૪/૧ પૈકી/૨ પૈકી/૩	૦૦-૪૪-૬૧
૭૮૪/૧ પૈકી/૨ પૈકી/૪	૦૦-૪૪-૬૧
૭૮૪/૧ પૈકી/૨ પૈકી/૧	૦૦-૪૪-૬૧
૭૮૪/૨ પૈકી	૦૦-૩૯-૮૭
૭૮૪/૫	૦૦-૧૨-૭૦
કુલ	૨-૩૧-૦૩

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એ.એ. રામાનુજ) ખાસ જમીન સંપાદન અધિકારી ઓ.એન.જી.સી. યુનિટ-૨, મહેસાણા

(હરિષ કે. પ્રજાપતિ) સરકારના ઉપસચિવ

કમાંક :નામાનિ/મહે/૩૨૭/૧૨૧૩